# મોડાસા નગરપાલિકાની સામાન્ય વેરો ઉઘરાવાની બેધારી નીતિથી નગરજનોમાં ઉગ્ર રોષ

મોડાસા, તા. ૧

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં નગરપાલિકા તંત્ર દ્વારા સ્વચ્છતા અને વહીવટ ખર્ચ અંતર્ગત મોડાસા શહેરના માર્ગો ઉપર લારી પાથરણા અને ફેરિયાઓ પાસે થી સામાન્ય વેરા પહોંચ આપી ૫૦ થી ૧૦૦ રૂપિયા વેરા પેટે ઉઘરાવવામાં આવે છે નગરપાલિકાના કર્મચારીઓ ફક્ત શહેરના માલપુર રોડ,મેઘરજ રોડ અને ડીપ વિસ્તારમાં ઉભા રહેતા લારીવાળા,ફેરિયાઓ અને પાથરણા વાળા પાસે સામાન્ય વેરો ઉઘરાવવા તવાઈ બોલાવે છે પરંતુ શહેરના અન્ય વિસ્તારોમાં ઉભા રહેતા ફેરિયાઓ અને પાથરણા વાળાઓ પાસે સામાન્ય વેરો ઉઘરાવવા ન જતા હોવાની માહિતી મોડાસા વિશ્વ હિન્દૂ પરિષદ ના ઉપપ્રમુખ સંજય ભાવસાર અને કાર્યકરોને થતા રોષ ભભૂકી ઉઠ્યો હતો અને નગરપાલિકાના પ્રમુખ સુભાષ શાહ ને રજુઆત કરી સમગ્ર શહેરમાંથી સામાન્ય વેરો ઉઘરાવવામાં આવે ની ઉગ્ર રજુઆત કરી હતી

મોડાસા નગરપાલિકા કર્મચારીઓ સામાન્ય વેરો ઉઘરાવવામાં બેધારી નીતિ અપનાવતા સામાન્ય વેરો ઉઘરાવતા કર્મચારીઓ સાથે વાત કરતા જણાવ્યું હતું કે નવજીવન ચોક થી કોલેજરોડ,મખદૂમ ચોકડી અને

**નગરપાલિકાના કર્મચારીઓ નવજીવન ચોકથી કોલેજ રોડ, મખદૂમ ચોકડી અને જુના બજાર સુધી ઉભા રહેતા ફેરિયાઓ અને પાથરણા વાળા પાસે સામાન્ય વેરો ઉઘરાવવામાં પનો ટૂંકો**

જુનાબજારમાં સામાન્ય વેરો ઉઘરાવવા માટે નગરપાલિકા તંત્રમાં ટ્રેક્ટર અને સેનેટરી ઈન્સ્પેકટરની માંગ કરવા છતાં અને ઉપરોક્ત વિસ્તારમાં લારી પાથરણા વાળા ફેરિયાઓ દબંગાઈ કરતા હોવાની સાથે નગરપાલિકાના કર્મચારીઓ સાથે માથાકૂટ કરતા હોવાથી અને ગમે ત્યારે હાથાપાઈ પર ઉતારી આવવાની સંભાવના હોવાથી સામાન્ય વેરો ઉઘરાવવા જઈ શકાતું નથી નગરપાલિકા તંત્ર દ્વારા માગ્યા પ્રમાણે સવલત પુરી પડેતો અમે કોલેજ રોડ અને બસ સ્ટેન્ડ વિસ્તારમાં મોટા પ્રમાણમાં સામાન્ય વેરાની અવાક થાય તેમ જણાવી નગરપાલિકા કર્મચારીઓ નિસહાય હોવાનું જણાવ્યું હતું

વિશ્વ હિન્દૂ પરિસદના સંજય ભાવસાર ના જણાવ્યા અનુસાર નગરપાલિકા તંત્ર દ્વારા દર રવિવારે કર્મચારીઓ દ્વારા માલપુર રોડ,મેઘરજ રોડ, ડીપ વિસ્તારમાં પાણી-પુરી,ફાસ્ટ ફૂડ અને અન્ય ચીજ વસ્તુઓ વેચાણ કરતા લારીવાળા,ફેરિયાઓ અને પાથરણા વાળા પાસે સ્વચ્છતા પેટે ૫૦ થી ૧૦૦ રૂપિયા ઉઘરાવવામાં આવે છે એ સારી બાબત છે પરંતુ નગરપાલિકા તંત્ર દ્વારા ચોક્કસ એરિયામાંથીજ સામાન્ય વેરો ઉઘરાવે તે યોગ્ય વાત નથી સામાન્ય વેરો શહેરના તમામ વિસ્તારમાંથી ઉઘરાવામાં આવે તે ખુબ જરૂરી હોવાનું જણાવ્યું હતું બસ સ્ટેન્ડ એરિયા અને કોલેજ રોડ પરથી સામાન્ય વેરો ન ઉઘરાવી શકતા હોય તો અન્ય વિસ્તારમાંથી પણ સામાન્ય વેરો ઉઘરાવવાનો બંધ કરવો જોઈએ તેમ ભાર પૂર્વક જણાવ્યું હતું.

# પ્રાંતિજના સલાલ ખાતે બજાર સજ્જડ બંધ




સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના સલાલના વેપારીઓ દ્વારા હિંમતનગરના ઢુંઢળની ઘટનાના વિરોધમાં બજાર સ્વયંભૂ બંધ પાળ્યો હતો. હિંમતનગરના ગાંભોઈના ઢુંઢળના ભાવપુરની ૧૪ માસની બાળકી સાથે સીરામીકની ફેકટરીમાં કામ કરતા પર પ્રાન્તીય ઈસમ દ્વારા દુષ્કર્મ આર્ચરતા તેના પડધા પ્રાંતિજના સલાલ ખાતે જોવા મળ્યા હતાં. તો સલાલના વેપારીઓ દ્વારા બજાર સ્વયંભૂ બંધ રાખ્યું હતું અને પકડાયેલા પર પ્રાન્તીય ઈસમને કડકમાં કડક સજા થાય અને જે લઈને ભવિષ્યમાં પણ આવી ધટના પરિવર્તન ના થાય તે માટે સલાલ બજારના વેપારીઓ દ્વારા સપ્તમાં સખ્ત વિરોધ કરી બજાર સજજડ બંધ રાખી વિરોધ કર્યો હતો.

# રામ ભરોશે ચાલતી ધાનેરાની સીટી સર્વે કચેરી

## કચેરી અડિંગો જમાવી ને બેઠેલો બળવંત રાણા ઉર્ફે બળિયો કોણ : અધિકારી અપડાઉન કરે છે ત્યારે પટ્ટાવાળા સરકારી કવાર્ટરમાં રાજ કરે છે

ધાનેરા ની સીટી સર્વે કચેરી રામ ભરોશે ચાલી રહી હોય તેવું લાગી રહ્યું છે. અધિકારીઓ હાજર




હોય તો કચેરી ખુલે છે બાકી આ કચેરી ને ખંભાતી તાળા જોવા મળે છે. અધિકારીઓ સરકારી કવોટર માં રહેવાના બદલે અપડાઉન કરે છે અને વર્ષો થી સીટી સર્વે અધિકારી ના કવોટર ઉપર એક પટાવાળો કબ્જો કરીને બેઠો છે સીટી સર્વે કચેરી માં કામ એથે આવતા લોકોને પહેલા તો આ પટ્ટાવાળા ને મળવું પડે છે અને તે બાદ તેનું કામ થાય છે ત્યારે આ જોઈને એવું લાગે છે કે આ કચેરી મુખ્ય અધિકારી કોણ ?

ધાનેરા તાલુકો એ રાજેસ્થાન સરહદ ઉપર આવેલો તાલુકો છે અને લોકો છેક રાજેસ્થાન બોર્ડર ઉપર સરકારી કામ અર્થે ધાનેરા આવતા હોય છે પરંતુ ધાનેરા ની કેટલીક કચેરીઓ રામ ભરોશે ચાલી રહી છે તો કેટલીક કચેરીઓ પટ્ટાવાળા ના ભરોશે ચાલી રહી છે અને દૂર દૂર કામ અર્થે આવતા લોકોને કાયમ ખાવા પડે છે ધક્કા ધાનેરા ની સીટી સર્વે કચેરી માં કામ અર્થે આવતા લોકો ને ભારે મુશ્કેલી નો સામનો કરવો પડી રહ્યો છે અને લોકો કામ માટે વારંવાર ધક્કા પણ ખાવા પડે છે તો બીજી તરફ લોકો એવું પણ જણાવી રહ્યા છે આ કચેરી માં પૈસા વગર કજશું જ કામ થતું નથી જો પૈસા આપો તો કામ તાત્કાલિક થઈ જાય અને અને જો પૈસા આપવાની ના ના પાડો તો તમારે ધક્કા ખાવા પડે ત્યારે આજે સોમવાર ના દિવસે બપોર ના એક વાગ્યા નો સમય વીતવા છતાં પણ આ કચેરી ના તાળા ન ખુલતા લોકો ને ભારે મુશ્કેલી નો સામનો કરવો પડ્યો અને તડકા સેકવું પડ્યું હતું ત્યારે લોકો ધ્વારા સીટી સર્વે અધિકારી પ્રકાશ ગહેલોત ને ફોન કરતા તેને લોકો ને જણાવ્યું હતું કે હું આજે વાયબ્રન્ટ ગુજરાત માં ગયો છું માટે કચેરીઓ બંધ છે ધાનેરા ની સીટી સર્વે કચેરી માં વર્ષોથી બળવંત રાણા ઉર્ફે બળિયો કરીને વ્યક્તિ અડિંગો જમાવી ને બેઠો છે આ કચેરી માં તેનો હોદ્દો શું છે તેની પણ લોકો ને ખબર નથી અને જયારે પણ કોઈ લોકો સીટી સર્વે કચેરી માં કામ અર્થે જવાનું હોય તો પહેલા આ બળિયા ને મળવું પડે છે અને તે બાદ જ તેનું કામ થાય છે તો બીજી તરફ લોકો એ પણ જણાવી રહ્યા છે કે આ બળિયો અમારી પાસે પૈસા માંગે છે અને જો અમે પૈસા આપવાની ના પડીર તો અમને કચેરી માથું ધુત્કારી ને કાઢી મૂકે છે ત્યારે આ બળિયો સીટી સર્વે કચેરી માં તો રાજ કરે જ છે પરંતુ સીટી સર્વે અધિકારી ના કવોટર પણ તે વર્ષો થી અડિંગો જમાવી ને બેઠો છે અને સીટી સર્વે અધિકારી કવોટર માં રહેવાના બદલે અપડાઉન કરે છે ત્યારે તંત્ર જો આ બાબતે તાપસ કરે તો મસ મોટું કૌભાંડ બહાર આવવાની શક્યતાઓ સેવાઈ રહી છે.

# ખેડબ્રહ્મા અંબિકા માતાજી મંદિરમાં પ્રક્ષાલન વિધિ યોજાઈ

ખેડબ્રહ્મા અંબિકા માતાજી મંદિરમાં ભાદરવી પૂનમે પૂર્ણ થયા બાદ પ્રક્ષાલન વીધી કરવામાં આવી હતી આ વર્ષે સંપૂર્ણ મંદિર સવારે ૯ કલાકે બંધ કરી માતાજીની વિવિધ સવારી મંદિર ગર્ભગૃહ સહિત મંદિર પરિસરની સફાઈ કરવામાં આવી હતી. જેમાં શિખર પરથી શરૂ કરી મંદિરને ગૌ મૃત અને ગગજળથી સફા કરવામાં આવ્યું હતું. પૂજારીઓ ધ્વારા મદિરને શાસ્ત્રોક્ત વિધી થી પ્રક્ષાલેન કરવામાં આવ્યુ હતી પ્રક્ષાલન વિધિમાં મંદિર ટ્રસ્ટના પ્રમુખ જયદીપસિંહ રાઠોડ, ટ્રસ્ટીઓ પરસોતતમદાસ પટેલ, પ્રવિણસિંહ સોલંકી તથા પૂજારી દશરથભાઈ સહિત કર્મચારીઓ એ પ્રક્ષાલન વિધિ કરી હતી.

# મોડાસામાં આવેલી કરમીયાહ ગર્લ્સ હાઈસ્કૂલ આસપાસ ગંદકીના ઢગ



મોડાસા, તા. ૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ના સ્વચ્છતા અભિયાન અંતર્ગત શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારોમાં અનેક વાર જનજાગૃતિ કાર્યક્રમો અને સ્વચ્છતા અભિયાન યોજવામાં આવે છે “સ્વચ્છ ભારત તંદુરસ્ત ભારત” ની વાતો વચ્ચે મોડાસા શહેરના ધોબીઢાળ વિસ્તારમાં આવેલી કરમીયાહ ગર્લ્સ હાઈસ્કૂલ નજીક ગંદકીના ઢગલા અને પાછળના ભાગે નગરપાલિકા તંત્ર દ્વારા ડમ્પિંગ સાઈટ બનાવી શહેરનો કચરો ઠલવાતા અસહ્ય દુર્ગંધ અને ગંદકી થી બાળકોના સ્વાસ્થ્ય સાથે ખિલાવડ કરવામાં આવતો હોવાની સાથે અભ્યાસમાં પણ ખલેલ પહોંચતી હોવાથી શાળાના સંચાલકો દ્વારા વારંવાર નગરપાલિકા તંત્રમાં રજુઆત કરવા છતાં ગંદકીના ઢગ નો યોગ્ય નિકાલ ન કરતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો છે

મોડાસા નગરપાલિકા વિસ્તારમાં આવેલા ધોબીઢાળ વિસ્તારમાં આવેલી કરમીયાહ ગર્લ્સ હાઈસ્કૂલમાં ધોરણ.૧ થી ૧૨ સુધી બાળકો અભ્યાસ કરે છે શાળાની પાછળના ભાગે નગરપાલિકા તંત્ર દ્વારા ડમ્પિંગ સાઈટ બનાવી મોટા પ્રમાણમાં કચરો ઠલવાતા અને યોગ્ય નિકાલ ન થતા ગંદકીના ઢગ ખડકાતા અને માથું ફાડી નાખે તેવી દુર્ગંધ શાળામાં અભ્યાસ કરતા બાળકોનું સ્વાસ્થ્ય જોખમાતાં અને મચ્છરોનો ઉપદ્રવ અસહ્ય બનતા બાળકો ડેન્ગ્યુ,મેલેરિયા અને પાણીજન્ય રોગચાળા માં સપડાવાનો ભય પેદા થતા નગરપાલિકા તંત્ર દ્વારા શાળા પાછળ રહેલી ડમ્પિંગ સાઈટ અન્ય સ્થળે ખસેડવાની માંગ સાથે ડમ્પિગ સાઈટ માં ખડકાયેલા ગંદકીના ઢગલાનો યોગ્ય નિકાલ કરવામાં આવેની માંગ કરી હતી.

# ધાનેરા રેલવે સ્ટેશન નજીક કોઈ અજાણ્યા યુવકે ટ્રેન નીચે પડતું મૂકી જીવન ટૂંકાવ્યું

ધાનેરા રેલવે સ્ટેશન નજીક કોઈ અજાણ્યા યુવકે ટ્રેન નીચે પડતું મૂકી જીવન ટૂંકાવ્યું છે તો આ ઘટના ને લઈ સમગ્ર ધાનેરા શહેર માં ચકચાર મચી જવા પામી છે અને ઘટના સ્થળે લોકો ના ટોળેટોળા ઉમટી પડ્યા છે.

વહેલી સવારે ધાનેરા રેલવે સ્ટેશન નજીક અગ્રવાલ પુલ નીચે કોઈ અજાણ્યા ઈસમે ટ્રેન નીચે પડતું મૂકી જીવક ન ટૂંકાવતા ચકચાર મચી ગઈ છે ત્યારે આ યુવક ના શરીર ના ટુકડા લોકો ની નજરે ચડતા લોકો દ્વારા ધાનેરા રેલવે સ્ટેશન પર જાણ કરતા રેલવે સ્ટેશન ની ટિમ દોડી આવી હતી અને યુવક ના શરીર ના ટુકડા ભેગા કરી કાર્યવાહી હાથ ધરી હતી પરંતુયુવકક ની કોઈ ઓળખવીધી ન થતા યુવક ના મોત નુબકારણ જાણી શકાયું નથી ત્યારે યુવક ના મોત નું સાચું કરણ તો પોલીસ તકપાસ બાદ જ જાણવા મળશે.

# ભિલોડા તાલુકાના નાંદોજ ગામના સીમ વિસ્તારમાંથી ૧૫ ફુટ લાંબો અજગર પકડાયો



ભિલોડા,તા.૧

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના અંતરીયાળ ડુંગરાળ ગ્રામ્ય વિસ્તારોમાંથી ઠેર-ઠેર સીમાડાઓમાંથી અજગરો નીકળવાનો સીલસીલો યથાવત રહેતાં ખેડુતો,શ્રમજીવીઓ, પશુપાલકો અને પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે.

નાંદોજ ગામના સીમ વિસ્તારમાં ખેતર ધરાવતા મોહનભાઈ પટેલના ખેતરમાં અળદનું વાવેતર કરેલું હતું જ્યાં ખેડુત અને શ્રમજીવીઓ ખેતરમાં કામકાજ કરતા હતા તે દરમ્યાન ૧૫ ફુટ લાંબો અજગર જોવા મળતાં ભારે મચી હતી.નાંદોજ ગામના પાદરે આવેલા સીમ વિસ્તારમાં અજગર જોવા મળ્યો હોવાની વાત વાયુ વેગે પ્રસરતાં અજગરને જોવા લોકોના ટોળેટોળા એકત્રીત થઈ ગયા હતા.ભિલોડા વન વિભાગના આર.એફ.ઓ. પ્રિયાંકભાઈ પટેલની રાહબરી હેઠળ નાંદોજ ગામના સીમ વિસ્તારમાંથી અજગર પકડવાની તજવીજ હાથ ધરી હતી.

વન વિભાગના અધિકારીઓ પ્રતાપભાઈ ખરાડી, રાજદિપ સોલંકી, પ્રદિપસિંહ રહેવર, ગંગારામ વાઘેલા, બાલુભાઈ પરમાર સહિત વન વિભાગના અધિકારીઓએ ભારે જહેમત ઉઠાવી ૧૫ ફુટ લાંબા અજગરને ગણતરીની મીનીટોમાં સરળતાથી પકડી લીધો હતો.અજગરને કંતાનના કોથળામાં ભરી જંગલ વિસ્તારમાં વન વિભાગના અધિકારીઓ ધ્વારા સલામત રીતે છોડી દેવાયો હતો.નાંદોજ પંથકમાં ખેડુતો,શ્રમજીવીઓ,પશુપાલકો અને પ્રજાજનોએ હાશકારો અનુભવ્યો છે.

# મેઘરજના ઉન્ડવા ગામે પંચાલ સમાજની મીટીંગ યોજાઈ

મેઘરજ, તા. ૧

મેઘરજ તાલુકા ના ઉન્ડવા ગામે રવિવાર ના રોજ બપોરે ૦૧:૦૦ કલાકે વિશ્વકર્મા મંદીર ઉન્ડવા ખાતે પંચાલ યુવા સંગઠન મેધરજના સેકેટરી જીગ્નેશભાઈ અનિલ જગદીશ જીતેન પંચાલ દ્વારા ઉન્ડવા ગામે નવા જોડાયેલા ટીમ મેમ્બરને આઈ- કાર્ડ ડીસ્ટ્રીબ્યુશન અને સમાજને એક કરી ચોકકસ બદિશામાં આગળ લઈ જવાના પ્રયત્નોના ભાગ રૂપે ઓપન જોઈનીંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં પંચાલ યુવા સંગઠન ના પ્રમુખ વિશાલભાઈ પંચાલ,મંત્રી હાર્દિકભાઈ પંચાલ અને સહમંત્રી યોગેશભાઈ મીસ્ત્રી,નરોડા જોઈન્ટ સેકેટરી અજયભાઈ પંચાલ ધ્વારા આઈ કાર્ડ વિતરણ કરવામા આવ્યુ હતુ અને સમાજ ના ભાઈઓ તથા બહેનો એ ખુબ મોટી સંખ્યા માં હાજરી આપી ને આ કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો.

# પાલનપુરમાં કબ્રસ્તાન ફરતે કોટ બનાવતા ફરી વિવાદ

## ૨ હિન્દુ યુવકોની અટકાયતના વિરોધમાં પોલીસ સ્ટેશન સામે રામધૂન

પાલનપુર શહેરના બ્રિજેશ્વર કોલોની રોડ પર મહિલા મંડળ સામે આવેલા કબ્રસ્તાન ફરતે ફરી કોટ




બનાવતા વિવાદ થયો હતો. જે કોટ તોડી પાડવાના મુદ્દે ૨ હિન્દૂ યુવકોની અટકાયત કરતા હિન્દૂ સંગઠનો પોલીસ સ્ટેશને દોડી ગયા હતા. જ્યાં યુવકોની મુક્તિની માંગ સાથે રામધુન શરૂ કરી દેતા વાતાવરણ ઉત્તેજનાસભર બન્યું હતું.

પ્રાપ્ત વિગતો મુજબ, પાલનપુરના મહિલા મંડળ સામે લઘુમતિ સમુદાયના કબ્રસ્તાન ફરતે દોઢ-બે વર્ષ અગાઈ કોટ બનાવવામાં આવ્યો હતો. જેની સામે સ્થાનિક રહીશોએ વિરોધ દર્શાવી નગરપાલિકાને જાણ કરતા કોટનું બાંધકામ અટકાવી દેવાયું હતું. જે કબ્રસ્તાન ફરતે આજે ફરીથી કમ્પાઉન્ડ વોલનું બાંધકામ શરૂ કરાયું હતું. દરમિયાન, તે કોટમાં તોડફોડ કરી લૂંટ કરાઈ હોવાની જાણ થતા પોલીસ દોડી આવી હતી. અને બન્ને કોમના લોકો સામસામે આવી જતા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી ૨ હિન્દૂ યુવકોની અટકાયત કરાઈ હોવાના અહેવાલ સાંપડ્યા છે.

હિન્દૂ યુવકોની અટકાયતના સમાચાર મળતા જ રામજી મંદિરના મહંત રામચંદ્રદાસજી સહિત હિન્દૂ સંગઠનો પૂર્વ પોલીસ સ્ટેશને દોડી ગયા હતા. જ્યાં અટકાયત કરેલ યુવકોની મુક્તિની માંગ સાથે રામધૂન શરૂ કરી દીધી હતી.

આ અંગે રામજી મંદિરના મહંતે જણાવ્યું હતું કે, પોલીસે આ બન્ને હિન્દૂ યુવકોની ક્યાં ગુનામાં અટકાયત કરી છે? તેઓને ક્યાં લઈ જવાયા છે? તેમની અટકાયતની કોઈ જાણ પણ તેમના પરિવારજનોને કરાઈ નથી. ત્યારે પોલીસની કથિત કાર્યવાહી સહિત યુવકોની મુક્તિની માંગ સાથે અમે રામધૂનનો કાર્યક્રમ આપ્યો હતો. અને જ્યાં સુધી પોલીસ તેઓને છોડશે નહીં ત્યાં સુધી અમે અહીં બેસી રહીશું તેવું મહંતે જણાવતા મામલો ગરમાયો હતો.

# ગઢમાં ચપ્પાની અણીએ મિત્રની પત્ની પર દુષ્કર્મ ગુજાર્યું હોવાની રાવ

પાલનપુર તાલુકાના ગઢ અને મડાણા ગામમાં બળાત્કારની બે ઘટનાઓ પ્રકાશમાં આવતા ચકચાર મચી જવા પામી છે. જેમાં એક યુવતીની એકલતાનો લાભ લઈ પતિના મિત્રએ ચપ્પાની અણીએ જ્યારે બીજી ઘટનામાં છાત્રાને લગ્નની લાલચ આપી દુષ્કર્મ ગુજાર્યું હતું. આ અંગે નોંધાયેલી ફરિયાદોના આધારે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પાલનપુર તાલુકાના ગઢ ગામની સોસાયટીમાં રહેતી એક યુવતી ઘરે એકલી હતી ત્યારે તેના પતિનો મિત્ર અશ્વિનભાઈ રમણભાઈ પંચાલ મોબાઈલ ફોન લઈ તેના ઘરે ગયો હતો અને તેણીના પતિ વાત કરવા માંગે છે તેમ કહી ફોન આપ્યા બાદ ગળા ઉપર ચપ્પુ મુકી બળાત્કાર ગુજાર્યો હતો.

જ્યારે મડાણામાં બનેલી ઘટનામાં પાલનપુર તાલુકાના ખોડલા ગામના પરેશ બાબુભાઈ ચૌધરીએ એક છાત્રાને લગ્નની લાલચ આપી અવાર નવાર બાઈક ઉપર બેસાડી ગેસ્ટહાઉસમાં લઈ જઈ બળાત્કાર ગુજાર્યો હતો.

# મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિ પ્રસંગે પાલનપુર ખાતે કાર્યક્રમો યોજાશે

પૂજય મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણીના ભાગરૂપે આજે ૨ ઓકટોબર-૧૮ના રોજ પાલનપુર ખાતે કલેકટરશ્રીની કચેરીથી સરકારી કન્યા વિદ્યાલય પાલનપુર સુધી વિદ્યાર્થીઓની રેલી યોજાશે. ત્યારબાદ સરકારી કન્યા વિદ્યાલય ખાતે કાર્યક્રમ યોજાશે. જેમાં પૂજય ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિ, સર્વધર્મ પ્રાર્થના સભા, મહાત્મા ગાંધીજીના વિચારોનું વાંચન વગેરે કરવામાં આવશે. સ્વચ્છ પખવાડીયા દરમિયાન સ્વચ્છ કરવામાં આવેલ સ્થળની મહાનુભાવો મુલાકાત લેશે. સાંજે ૬ થી રાત્રિના ૯ વાગ્યા સુધી વિદ્યામંદિર ટ્રસ્ટના શ્રી કાનુભાઈ મહેતા હોલ ખાતે સંગીત સંધ્યાનો કાર્યક્રમ યોજાશે.

# બનાસડેરીમાં હડતાળ પાડનાર બે ટેન્કરચાલકો સામે ફરિયાદ

## ૧૫ દિવસમાં માંગણીઓ સ્વીકારવાની ખાતરી બાદ હડતાળ સમેટાયા પછી પોલીસ ફરિયાદ

એશિયાની નંબર વન ગણાતી બનાસડેરીના ટેન્કર ચાલકોએ ગઈકાલે હડતાળ પાડી હતી. જે હડતાળ સમેટાયા બાદ ડેરી દ્વારા ૨ ટેન્કર ચાલકો સામે પોલીસ ફરિયાદ નોંધાવતા ચકચાર મચી જવા પામી છે.

બનાસડેરીમાં દૂધનું પરિવહન કરતા ટેન્કર ચાલકો પોતાની પડતર માંગણીઓને લઈને ગઈકાલે હડતાળ પર ઉતર્યા હતા. જેને પગલે હરકતમાં આવેલા બનાસડેરીના સંચાલકોએ ૧૫ દિવસમાં માંગણીઓ સ્વીકારવાની ખાત્રી આપતા ૭ કલાક બાદ હડતાળ સમેટાઈ હતી. જોકે, આજે બનાસડેરી દ્વારા હડતાળ પડાવનાર ૨ ટેન્કર ચાલકો સામે પોલીસ ફરિયાદ નોંધાવતા પાલનપુર તાલુકા પોલીસે તપાસ




હાથ ધરી છે. આમ, ટેન્કર ચાલકો માટે તો પડતા પર પાટુ જેવો ઘાટ ઘડાયો છે.

### કોના સામે ફરિયાદ?

બનાસડેરીના આસી. જનરલ મેનેજર પ્રફુલકુમાર શાંતિલાલ ભાનવડિયાએ પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશનમાં અશોકભાઈ જીવાભાઈ પ્રજાપતિ રહે.કરજોડા તા.પાલનપુર અને વિષ્ણુભાઈ ભીખાભાઈ રાવળ રહે. મેગાળ તા.વડગામ સામે ફરિયાદ નોંધાવી છે. જેમાં આ કામના તહોમતદારો એ એકસંપ થઈ ગેરકાયદેસર મંડળી રચી દૂધ સંઘને નાણાંકીય નુકસાન પહોંચાડવાના અને દૂધ મંડળીઓ પર અવ્યવસ્થા અને તોફાન થાય તે ઈરાદાથી ગુનાહિત કાવતરું રચી પોતાને સોંપેલી જવાબદારી ન નિભાવી દૂધ ભરેલા વાહનો બળજબરીથી રોકી ધાકધમકી આપવા સહિતનો ગુનો નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી છે.